# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 23-10-2024 સવારે : 7.45 થી 7.55

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે રશિયાના કઝાનમાં બ્રિક્સ સંમેલનને સંબોધન કરશે – ચીનના રાષ્ટ્રપતિ શી જીનપીંગ સાથે દ્વિપક્ષીય બેઠક કરશે.
2) ભારત અને પાકિસ્તાને શ્રી કરતારપુર સાહિબ કોરિડોર કરારની સમયમર્યાદા વધુ પાંચ વર્ષ માટે લંબાવી
3) ED દ્વારા માદક પદાર્થોની દાણચોરીના નેટવર્ક સાથે જોડાયેલા મની લૉન્ડ્રિંગના કેસમાં 6 લોકોની ધરપકડ
4) IMF એ ચાલુ નાણાકીય વર્ષ માટે ભારતનો વિકાસ દર 7 ટકા રહેવાનો અંદાજ મૂક્યો
5) ભારત અને જર્મની વચ્ચે આજથી નવી દિલ્હીમાં હૉકી સિરિઝનો પ્રારંભ થઈ રહ્યો છે.
6) અને દાના ચક્રવાતને કારણે ઓડિશા તેમજ ઉત્તર – પૂર્વના ભાગોમાં ભારે વરસાદની આગાહી

## *PM FS BRIEFING*

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે રશિયાના કઝાનમાં બ્રિક્સ સંમેલન પ્રસંગે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે દ્વીપક્ષીય બેઠક કરશે.**

બંને દેશો વચ્ચે નિયંત્રણ રેખા નજીક સુરક્ષા વ્યવસ્થા વિશે હાલની સમજૂતિને જોતા આ બેઠકનું મહત્વ વધી ગયું છે. પ્રધાનમંત્રી મોદી અને ચીનના રાષ્ટ્રપતિ વચ્ચે પાછલા પાંચ વર્ષોમાં થનારી આ સુનિયોજીત બેઠક થશે.

શ્રી મોદી આજે બ્રિક્સ સંમેલનને પણ સંબોધિત કરશે. તેઓ રશિયા અને ઇરાનના રાષ્ટ્રપ્રમુખો સાથે પણ દ્વીપક્ષીય બેઠક કરશે. આ પૂર્વે રાષ્ટ્રપ્રમુખ વ્લાદીમિર પુતિન સાથેની બેઠકમાં શ્રી મોદીએ ભારત, રશિયા-યુક્રેન સંઘર્ષના શાંતિપૂર્ણ સમાધાન માટે મદદ કરવા તૈયાર છે – એ વાત પર ભાર મૂક્યો હતો.

વિદેશ સચિવ વિક્રમ મિસરીએ પત્રકારોને જણાવ્યું કે પ્રધાનમંત્રી મોદીએ યુક્રેનના નેતૃત્વની સાથે પોતાની મુલાકાતથી રાષ્ટ્રપતિ પુતિનને અવગત કરાવ્યા હતા અને કહ્યું કે ભારત ક્ષેત્રમાં શાંતિ સ્થાપવા માટે ઇચ્છુક છે. શ્રી મોદી અને ઇરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેસકિયન વચ્ચે પણ બ્રિક્સ સંમેલન દરમિયાન બેઠક મળી હતી અને તેમણે પશ્ચિમ એશિયાની સ્થિતિ પર ચર્ચા કરી.

.................

## *AMIT SHAH ALL OVER*

ગુજરાતની મુલાકાતે આવેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, 'આવનારા ચાર મહિનામાં નાગરિક સંરક્ષણ અને ગૃહરક્ષક કાયદામાં નવા પરિવર્તન કરાશે.' ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે 14મા અખિલ ભારતીય ગૃહરક્ષક અને નાગરિક સલામતી સંમેલનને સંબોધતા શ્રી શાહે કહ્યું કે, 'વિકસિત ભારતના નિર્માણનો સંકલ્પ સેવાને નાગરિક સંરક્ષણ અને ગૃહરક્ષકના માધ્યમથી ચરિતાર્થ કરીશું.'

અન્ય એક કાર્યક્રમમાં  શ્રી શાહે ગાંધીનગરમાં કડી સર્વ વિદ્યાલય પરિસર ખાતે યોજાયેલા નમો લક્ષ્મી અને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અંતર્ગત વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ એનાયત કરી હતી. તેમજ ગાંધીનગર મહાનગરના કાર્યાલય શ્રી કમલમ્ નો શિલાન્યાસ કર્યો હતો.

અગાઉ વિધાનસભામાં યોજાયેલા લેજીસ્લેટીવ ડ્રાફ્ટીંગ તાલીમના સમાપન સમારંભમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ન્યાયિક દખલગીરીના અવકાશને ઘટાડવા માટે કાયદાના મુસદ્દામાં કાયદાકીય સ્પષ્ટતાના મહત્વ પર ભાર મૂક્યો હતો.

NDDBની હીરક જયંતી અને અમૂલના સ્થાપક ત્રિભુવનદાસ પટેલની 121મી જન્મજયંતિ સમારોહને સંબોધતા શ્રી શાહે કહ્યું કે, શ્વેતક્રાંતિ 2.0 હેઠળ દેશમાં વધુ એક લાખ નવી ડેરીની રચના કરાશે. આ પ્રસંગે શ્રી શાહે ખેડૂતલક્ષી જન યોજનાઓના લાભોના ચેકનું પણ વિતરણ કર્યું હતું.

.................

## *JAL SHAKTI AWARDS GUJARAT AND SURAT*

રાષ્ટ્રીય જળ વ્યવસ્થાપન ક્ષેત્રમાં ઉત્તમ કામગીરી બદલ ગુજરાતને ત્રીજું અને સુરત મહાનગરપાલિકાને શ્રેષ્ઠ શહેરી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા તરીકે પ્રથમ સ્થાન મળ્યું છે.

જલશક્તિ મંત્રાલય દ્વારા પાંચમા જળ પુરસ્કાર અંતર્ગત રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે ગઈ કાલે નવી દિલ્હી ખાતે આ પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યા હતા. આ એવાર્ડ માટે કેન્દ્રીય જળ આયોગ અને ભૂજળ બોર્ડ દ્વારા સૂચિત મૂલ્યાંકન અને ચકાસણી બાદ ઉત્તમ રાજ્ય કેટેગરીમાં ઓડિશા પ્રથમ, ઉત્તરપ્રદેશ બીજું તેમજ ગુજરાત અને પુડુચેરીએ ત્રીજું સ્થાન મેળવ્યું છે.

કેન્દ્રિય જળ શક્તિ મંત્રી સી.આર. પાટિલની ઉપસ્થિતિમાં ગુજરાત સરકારના જળ સંપત્તિ વિભાગના સચિવ પી. સી. વ્યાસ એ આ એવાર્ડ સ્વીકાર્યો હતો.

દરમિયાન, સુરત મહાનગરપાલિકાએ સુએઝ ટ્રીટમેન્ટથી વોટર રિસાઇકલીંગ અને અને રિયુઝ, જળ સંરક્ષણ, જળ વ્યવસ્થાપનમાં શ્રેષ્ઠ અને કાર્યક્ષમ કામગીરી બદલ આ એવોર્ડ પ્રાપ્ત કર્યો છે. મેયર દક્ષેશ માવાણી, સ્થાયી સમિતિના ચેરમેન

રાજન પટેલ અને મ્યુનિસિપલ કમિશનર શાલિની અગ્રવાલને આ પુરસ્કાર સ્વીકાર્યો હતો.

.................

## INDIA PAKISTAN

ભારત અને પાકિસ્તાને શ્રી કરતારપુર સાહિબ કોરિડોર સમજૂતીની સમયમર્યાદા પાંચ વર્ષ માટે વધારવા અંગે સહમતી વ્યક્ત કરી છે. ભારતથી પાકિસ્તાનના કરતારપુરમાં સ્થિત ગુરુદ્વારા દરબાર સાહિબ સુધી શ્રદ્ધાળુઓની સુવિધાજનક યાત્રાના હેતુથી 24 ઑક્ટોબર 2019માં બંને દેશોએ કરાર કર્યા હતા. જેની સમય મર્યાદા પાંચ વર્ષની રાખવામાં આવી હતી.

વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે કરારની સમય મર્યાદા વધવાથી શ્રદ્ધાળુઓ માટે શ્રી કરતારપુર સાહિબ કૉરિડોરનું નિર્વિરોધ સંચાલન સુનિશ્ચિત બનશે.

પ્રતિ વ્યક્તિ વીસ ડૉલરનો પ્રવાસ વેરો હટાવવાની શ્રદ્ધાળુઓની અપીલને પગલે ભારત સરકારે પાકિસ્તાનને આ પ્રકારનો વેરો નહીં લેવા અપીલ કરી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં વિદેશમંત્રી ડૉ. સુબ્રમણ્યમ જયશંકરે કહ્યું છે કે નરેન્દ્ર મોદી સરકાર શિખ સમુદાયને તેમના પવિત્ર તીર્થ સ્થળ સુધી લઈ જવાની આ સેવાને ચાલુ રાખશે.

.................

## ED-DRUG CASE

પ્રવર્તન નિદેશાલય – EDએ સરહદ પાર માદક પદાર્થોની દાણચોરીના નેટવર્ક સાથે જોડાયેલા મની લૉન્ડ્રિંગના એક કેસમાં 6 લોકોની ધરપકડ કરી છે.

એજન્સીએ મુંબઈના ન્હાવા શેવા બંદર પર આયાત કરાયેલા કન્ટેનરમાંથી અંદાજે 293 કિલોગ્રામ હેરોઇન જપ્ત કરવાના આધારે તપાસ શરૂ કરી છે. આ ઉપરાંત

દિલ્હી પોલીસના વિશેષ દળે ફરીદાબાદમાં બે વાહનો અને એક ફ્લેટમાંથી અંદાજે 353 કિલોગ્રામ હેરોઈન જપ્ત કર્યું હતું.

એક નિવેદનમાં ઈડીએ જણાવ્યું છે કે તપાસ દરમિયાન અફઘાનિસ્તાનથી ભારતમાં હેરોઈનની દાણચોરી સાથે સંકળાયેલ એક મોટી ડ્રગ હેરફેરનો પર્દાફાશ થયો છે. આ નિવેદનમાં વધુમાં કહેવાયું છે કે ધરપકડ કરાયેલ વ્યક્તિઓ પંજાબ, હરિયાણા અને દિલ્હીમાં હેરોઈનની દાણચોરી, સંગ્રહ અને વિતરણમાં સંડોવાયેલી હતી.

એજન્સીએ એમ પણ જણાવ્યું કે તપાસથી બચવા માટે 10 કિલોગ્રામથી ઓછી માત્રામાં ડ્રગની હેરફેર કરાઈ હતી. આ માટે સ્માર્ટફોનની ખરીદી માટે રોકડ રકમનો ઉપયોગ કરાયો હતો.

અધિકારીઓ અનુસાર પંજાબના જંડોલી ગામમાં એક પ્રોપર્ટી, આરોપી વ્યક્તિઓના નામે બહુવિધ બેંક ખાતા અને ફિક્સ ડિપોઝિટ – વિગેરેને તપાસમાં સામેલ કરવામાં આવ્યા છે.

.................

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

.................

## *IMF - INDIA GDP*

આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ– IMF એ ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન ભારતના વિકાસ દરનું અનુમાન 7 ટકાના દરે જાળવી રાખ્યું છે. તાજેતરના વર્લ્ડ ઇકોનોમિક

આઉટલુકમાં, IMFએ જણાવ્યું હતું કે, આગામી નાણાકીય વર્ષમાં ભારત 6.5 ટકાના દરે વૃદ્ધિ નોંધાવે તેવી અપેક્ષા છે.

ડેલોઈટ ઈન્ડિયાના લેટેસ્ટ ઈકોનોમિક આઉટલુકમાં પણ વર્તમાન નાણાકીય વર્ષમાં ભારતનો આર્થિક વિકાસ દર 7 થી 7.2 ટકાની વચ્ચે રહેવાનો અંદાજ છે. ડેલોઈટના અર્થશાસ્ત્રી ડૉ. રમકી મજુમદાર અનુસાર મધ્યમ ફુગાવો, ખરીફ પાકનું વિક્રમી ઉત્પાદન, સરકારી ખર્ચમાં વધારો અને ઉત્પાદન ક્ષેત્રે વધતા રોકાણો વૃદ્ધિના નિર્ણાયક પ્રેરક છે.

IMFએ તેના જુલાઈના અંદાજમાં 2024માં અમેરિકા માટે વિકાસ દરનો અંદાજ 2.6 ટકાથી વધારીને 2.8 ટકા કર્યો છે. ચાલુ તેમજ આગામી વર્ષે વૈશ્વિક વિકાસ દર 3.2 ટકા રહ્યો.. જ્યારે ચીનનો વિકાસ દર અગાઉના 5 ટકાથી ઘટીને 4.8 ટકા થયો હતો.

.................

## *HOCKEY INDIA*

ભારત અને જર્મની વચ્ચે આજથી હોકી સિરિઝનો પ્રારંભ થઈ રહ્યો છે. નવી દિલ્હીના મેજર ધ્યાનચંદ સ્ટેડિયમમાં બપોરે બે વાગ્યે પ્રથમ મેચ શરૂ થશે. દાયકા બાદ રાજધાની દિલ્હીમાં આયોજીત આંતરરાષ્ટ્રીય હોકી સ્પર્ધાને કારણે આ શ્રેણીનું વિશેષ મહત્વ છે. હરમન પ્રિત સિંહના નેતૃત્વમાં ભારતીય ટીમ વર્તમાન વિશ્વ વિજેતા ટીમ જર્મની સામે બે મેચ રમશે.

આ શ્રેણીમાં ભારત પેરિસ ઑલિમ્પિક 2024ના સેમાફાઇનલમાં 3-2થી મળેલી હારનો બદલો લેવા ઇચ્છશે.

દરમિયાન હોકી ઇન્ડિયાએ ડિજિટલ ટિકિંગ દ્વારા સ્ટેડિયમમાં નિશુલ્ક પ્રવેશની જાહેરાત કરી છે. હોકી પ્રશંસકો ડીડી સ્પોર્ટ્સ પર આ મેચનું જીવંત પ્રસારણ નિહાળી શકશે.

.................

## *HOCKEY JOHAR CUP*

મલેશિયામાં આયોજીત સુલ્તાન જોહર કપમાં આજે જૂનિયર ભારતીય હૉકી ટીમનો સામનો ઑસ્ટ્રેલિયાની ટીમ સાથે થશે. ભારતીય સમય અનુસાર બપોરે 3 વાગીને, 45 મિનિટ પર આ માચે શરૂ થશે. આ ટુર્નામેન્ટમાં ભારતીય ટીમ કોચ પી. આર. શ્રીજેશના માર્ગદર્શનમાં સતત ત્રણ મેચ જીતી ચૂકી છે.

ગઈકાલે ભારતીય ટીમે મલેશિયાની ટીમને શ્રદ્ધાંનંદ તિવારી, અર્શદીપ સિંહ, પ્રિયોબાર્તા તલેમ અન રોહિતના શાનદાર ગોલની મદદથી 4-2થી હરાવ્યું હતુ.

.................

## *IMD WEATHER*

હવામાન વિભાગે આજે ઓડિશા તેમજ ઉત્તર – પૂર્વના ભાગોમાં ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગ અનુસાર પૂર્વ મધ્ય બંગાળની ખાડી ઉપર સર્જાયેલા ડિપ્રેશનને કારણે ચક્રવાતી તોફાન ‘દાના’ સર્જાતા કાંઠા વિસ્તારોમાં વરસાદ વરસી શકે છે.

દરમિયાન તટિય પશ્ચિમ બંગાળ અને ઝારખંડમાં આજે અને આવતીકાલે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. હવામાન એજન્સીએ આગામી બેથી ત્રણ દિવસ દરમિયાન કોંકણ, ગોવા અને મધ્ય મહારાષ્ટ્રમાં પણ વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. આ તરફ મધ્ય અને ઉત્તર-પશ્ચિમ ભારતમાં તાપમાન સૂકું રહેશે.

.................

## *SCINDIA-SPOOFED-CALLS*

કેન્દ્રીય સંચાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ ગઈકાલે નવી દિલ્હીમાં ઇન્ટરનેશનલ ઇનકમિંગ સ્પૂફ્ડ કોલ પ્રિવેન્શાન સિસ્ટમ લોન્ચ કરી છે. આ પ્રણાલી નો હેતુ વિદેશથી આવતા નકલી કૉલ્સને ઓળખવા અને તેને બ્લોક કરવાનો છે. આ

સિસ્ટમ શરૂ થયાના 24 કલાકની અંદર  અંદાજે 1 કરોડ 35 લાખ નકલી નંબરોને ઓળખી તેને  બ્લોક કરવામાં આવ્યા છે.  આ પ્રકારના કૉલ્સનો ઉપયોગ મોટાભાગે નાણાકીય કૌભાંડો, છેતરપિંડી અને ગભરાટ ફેલાવવા માટે થાય છે.  ઉલ્લેખનીય છે કે નાગરિકો  સાયબર ગુનાઓ અંગે હેલ્પલાઈન નંબર 1930 પરથી મદદ મેળવી શકે છે.

.................

## *INDIA CHINA TENSION*

સંયુક્ત રાષ્ટ્ર મહાસચિવ એન્ટોનિયો ગુટરશે આશા વ્યક્ત કરી છે કે ભારત અને ચીન વચ્ચે સરહદ પાર સુરક્ષા વ્યવસ્થાને લઈને હાલમાં થયેલી સમજૂતી બાદ બંને દેશો વચ્ચેના સંબંધો મજબૂત બનશે. સંયુક્ત રાષ્ટ્રની દૈનિક અખબારી વાર્તા દરમિયાન શ્રી ગુટરેશે બંન દેશો વચ્ચેના સંબધો સુધારવા પર ભાર મૂકતા કોઈ પણ સકારાત્મક ફેરફારનું સ્વાગત કર્યું. શ્રી ગુટરશ બ્રિક્સ શિખર સંમેલનમાં ભાગ લઈ રહ્યા છે.

સોમવારે ભારતના વિદેશ સચિવ વિક્રમ મિસ્ત્રીએ જાહેરાત કરી હતી કે ભારત – ચીનના સરહદીય વિસ્તારોમાં અંકુશ રેખા નજીક સુરક્ષા વ્યવસ્થાને લઈને સહમતી સધાઈ છે. આ સહમતીનો હેતુ 2020માં આ વિસ્તારમાં થયેલા વિવાદોના સમાધાનનો ઉકેલ શોધવો તેમજ સૈનિકોને પાછા બોલવાવની વ્યવસ્થા કરવાનો છે. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ પણ ભારત સાથેની આ સમજૂતિની પુષ્ટિ કરી છે.

.................

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે અનિલ પટેલ....

- રશિયામાં બ્રિક્સ સંમેલનમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની હાજરી તથા રશિયન પ્રમુખ પુટિન સાથે દ્વિપક્ષીય મંત્રણાના સમાચાર આજનાં અનેક દૈનિકોનાં પ્રથમ પાને હેડલાઇન્સમાં જોવા મળે છે.
- સંદેશ લખે છે- કઝાનમાં પુટિન સાથેની મંત્રણામાં મોદીએ કહ્યું, દરેક સમસ્યાનો ઉકેલ શાંતિથી સંભવ. દિવ્યભાસ્કરનું શિર્ષક છે- કજાનથી પણ શાંતિનો સંદેશ
- વિમાનોમાં બોંબની અફવા અંગેનાં સમાચારને હેડલાઇન બનાવી ગુજરાત સમાચાર લખે છે- વધુ 80 ફ્લાઇટમાં બોમ્બની ધમકી- એરલાઇન્સને 600 કરોડનું નુકસાન
- સંદેશ એક હેડલાઇનમાં જણાવે છે- ચાંદીમાં ચાંદી જ ચાંદી. ભાવ એક લાખ રૂપિયાની રેકોર્ડ ઊંચાઇએ
- દાના ચક્રવાતના સમાચારને ઘણાં અખબારોએ પ્રથમ પાને ચમકાવ્યા છે.નવગુજરાત સમયે કર્ણાટક અને આંધ્રપ્રદેશમાં અતિ ભારે વરસાદથી જળમગ્ન ગામની તસવીર પ્રકાશિત કરી છે
- શેરબજારમાં તીવ્ર કડાકાના સમાચાર આજની ઇકોનોમિક ટાઇમ્સની હેડલાઇન છે. ફુલછાબે લખ્યું, મંગળવારે મળ્યા શેરમાં વધુ અમંગળનાં એંધાણ અને
- સંદેશનાં પ્રથમ પાનાનાં સમાચાર છે- ગ્લોસગો કોમનવેલ્થ ગેમ્સમાંથી ક્રિકેટ, હોકી, કુશ્તી જેવી રમતો બહાર થતાં ભારતને મોટો ફટકો પડ્યો.

--------------